Presented on : 03-07-2012
Registered on : 03-07-2012
Decided on : 30-03-2026
Duration : 13 y, 8 m, 27 d.

GJKH120000812012

## ડાકોરના મહે.પ્રિન્સીપાલ સિવિલ જજ સાહેબની કોર્ટમાં,મુ.ડાકોર

રે.દિ.કેસ નં.૨૯/૨૦૧૨

આંક:–

**વાદીઓ** :– ગુજ.મોચી દલસુખભાઈ પિતામ્બરદાસના કાયદેસરના વારસો...

(૧.૧) મંગુબેન તે મોચી દલસુખભાઈ પિતામ્બરદાસની વિધવા,

ઉ.વ.આ.૬૨,ધંધો.ઘરકામ,

(૧.૨) મોચી(સરવૈયા)દિનેશભાઈ દલસુખભાઈ,

ઉ.વ.આ.૪૫,ધંધો.વેપાર/દરજીકામ,

(૧.૩) મોચી(સરવૈયા)મીનાક્ષીબેન તે દલસુખભાઈ પિતામ્બરદાસની દિકરી,

ઉ.વ.આ.૪૨,ધંધો.ઘરકામ,

નં.૧,૨ તથા ૩ રહે.સિપાઈ વાડો,મુ.ડાકોર,

(૧.૪) મોચી(સરવૈયા) જયોત્સનાબેન તે દલસુખભાઈ પિતામ્બરદાસની દિકરી,

ઉ.વ.આ.૩૯,ધંધો.ઘરકામ,

(૧.૫) મોચી(સરવૈયા) ભરતભાઈ દલસુખભાઈ,

ઉ.વ.આ.૩૬,ધંધો.વેપાર,

નં.૩ અને ૪ રહે.અમદાવાદ,

(૨) વાળંદ વિનુભાઈ અંબાલાલ,

ઉ.વ.આ.૪૨,ધંધો.વાળંદકામ,

રહે.વડાબજાર,કુળેશ્વરી મંદીર સામે, મુ.ડાકોર,

(નરેન્દ્ર કુમાર જોષી)
**UIC No.01454**

**વિરુધ્ધ**

**પ્રતિવાદીઓ** :- (૧) મહંત ગીરીરાજ ગુરૂ મોહનદાસજી,

ઉ.વ.આ.૭૨,ધંધો.ખેતી,

(૨) મહંત રામેશ્વરદાસજી ગુરૂ મોહનદાસજી,

બંને રહે.ઠે.વડાબજાર, કુળેશ્વરી મંદીર સામે

મુ. ડાકોર, તા.ઠાસરા,જી.ખેડા.

દાવો :- **ડેકલેરેશન તથા જાથુના મનાઈ હુકમ માટે**

---

વાદી તરફે વિ.વકીલ શ્રી આર.જે.જોષી,
પ્રતિવાદી નં.૧ થી ૨ તરફે વિ.વ.શ્રી પી.પી.શર્મા,

---

**-: ઠ રા વ :-**

**વાદીના દાવાની ટુકમા હકીકત:-**

**(૧)** આ કામે વાદી ના દાવાની ટુંક માં હકીકત એવી છે કે, મોજે.ગામ.ડાકોર,તા.ઠાસરા મધ્યે વડાબજાર,કુળેશ્વરી માતાના મંદિર સામે આ નીચે અં.નં.(અ) તથા (બ) વર્ણવેલી ઈંટેરી, મેડાબંધી, પતરાં જડીત મિલકત આવેલ છે જેના ખુંટ સહિતની વિગત નીચે મુજબ છે.

**(અ)** મોજે.ડાકોર નગરપાલીકા જુનો મિલકત નં.૩૬૬૩ કે જેનો નવો ડાકોર નગરપાલિકા મિલકત નં. ૬૨૭૭/૪ કે જેના ખુંટ ચારની વિગત:

પુર્વે : વાદી નં.૨ ની ભાડા કબજાવાળી પ્રા.વાદીઓની મિલકત છે.

પશ્ચિમે : પ્રા.વાદીઓની મિલકત છે.

ઉત્તરે : વાદીઓનો અવર-જવરનો ઓટલો મુકી જાહેર રાજમાર્ગ આવેલ છે.

દક્ષિણે : પ્રા.વાદીઓની મિલકત છે.

**(બ)** મોજે.ડાકોર નગરપાલીકા મિલકત નં.૬૨૭૭/૩ કે જેનો ખુંટ ચારની વિગત:

પુર્વે : જાહેર રાજમાર્ગ છે.

પશ્ચિમે : વાદી નં.૧ ના ભાડા કબ્જાવાળી પ્રા.વીઓની મિલકત છે.

ઉત્તરે : ઓસરી મુકી રાજમાર્ગ છે.

દક્ષિણે : પ્રા.વાદીઓની મિલકત છે.

એ રીતે ઉપર પેરા(અ) તથા (બ) માં વર્ણવેલ મિલકતને આ દાવામાં દાવાવાળી મિલકત એ રીતે સંબોધવામાં તથા ઓળખવામાં આવશે.

**(૧.૧)** એ રીતે ઉપર પેરા–૧ માં વર્ણવેલ મિલકત પૈકીની પેરા–૧ (અ) માં વર્ણવેલ મિલકત જે નીચે દળ એટલે કે, ભોંચ તળીચાની વાદી નં. ૧ના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં ભાડૂઆત હકકથી આશરે ૩૦ વર્ષ ઉપરાંતથી આવેલ છે. જેનું પ્રથમ માસિક ભાડુ રૂા.૫૦/– હતુ જે છેલ્લા દશ વર્ષથી રૂા.૧૦૦/– નું ભાડુ ચુકવીએ છે અને જેમાં મધ્ય ગુજરાત વીજ કુ.લી.મધ્યેથી વાદી નં.૧ ના નામનું વીજ કનેકશન ગ્રાહક નં.૦૪૮૦/૦૬૭૯૮૦/૦ કે જેનો મીટર નં.૦૨૨૨૪૯૫૭નું ધારણ કરીએ છીએ. અને જેનું વીજ બીલ પણ વાદી નં.૧ ભરીએ છીએ. અને જે આગળ ઓટલો અને તે પછી બે ખંડની દુકાન આવેલ છે. જેમાં વાદી નં.૧ સરવૈચા બુટ હાઉસના નામથી બુટ–ચંપલ બનાવવાનો અને વેચવાનો ધંધો કરે છે.જે અંદાજીત ૧૫ ફુટ ×૧૫ ફુટના માપની બે ખંડની આવેલ છે.

**(૧.૨)** એ રીતે ઉપર પેરા–૧ માં વર્ણવેલ મિલકત પૈકીની પેરા–૧(બ) માં વર્ણવેલ મિલકત જે નીચે દળ એટલે કે ભોંચ તળીચાની વાદી નં.ર ના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં ભાડૂઆત હકકથી આશરે ૧૧ વર્ષ ઉપરાંતથી આવેલ છે.જેનુંમાસિક ભાડુરૂા.૧૦૦/– વાદી પ્રા.વાદીને ચુકવીએ છીએ અને જેમં । મધ્ય ગુજરાત વીજ કાં.લી.મધ્યેથી પ્રા.વાદી નં.રનામનું વિજ કનેકશન ગ્રાહક નં.૦૪૮૦૧ /૦૫૩૫૫/૬ જેનો મીટર નં.૧૩૭૯૬૧નું ધારણ કરીએ છીએ અને જે આગળ ઓટલો તથા એક ખંડની દુકાન આશરે ૧૧ ફુટ × ૭ ફુટના ક્ષેત્રફળવાળી આવેલ છે.જેમા વાદી નં.ર આરતી હેર આર્ટના નામથી હેરકટીંગ સલુનનો ધંધો કરીએ છીએ.

**(૧.3)** આ કામના પ્રા.વાદીઓને દાવાવાળી પૈકીની અમો જે તે વાદીઓના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં જે તે મિલકત ઉપરોકત પેરા–ર માં જણાવેલ હકીકત છે તે મિલકતનો અમારી પાસેથી ગેરકાયદેસર રીતે કબજો છીનવી લેવાનો કોઈ હકક કે અધિકાર નથી.પરંતુ પ્રા.વાદીઓ પ્રથમ મજલાની મિલકત જીર્ણ થઈ ગયેલ હોવાનું અને જે ઉતારી નવીન બાંધકામ કરવાનું જણાવી અમો

જે તે વાદીના પ્રત્યક્ષ કબજાની મિલકતનો કબજો સોંપી દેવા છેલ્લા પાંચેક દિવસથી જણાવી રહયા છે. અને તે માટે અમો તૈયાર ના થતાં પ્રા.વાદીઓએ તા.૨૬/૦૬/૨૦૧૨ નારોજ વકીલ મારફતે વાદીઓનો ભાડા કબજાવાળી દુકાનનો પ્રત્યક્ષ કબજો તેઓને દિન–૭ માં સુપ્રત કરવાની નોટીસ આપેલ છે અને ડાકોર નગર પાલિકા મિલકત નં.૬૭૭૭ ઉતારી જમીનદોસ્ત કરવાની ધમકીઓ આપેલ હોઈ તેમજ દુકાનોમાંથી અમારો માલ–સમાન ફેંકી બળજબરીથી કબજો છીનવી લેવાની ધમકીઓ આપી રહયા છે.પ્રા.વાદીઓ માથા ભારે અને જૂથવાળા છે અને કાયદો હાથમા લઈ ગમે તેવા અપકૃત્યો કરતા વિચારે તેમ નથી જેથી પ્રા.વાદીઓ તેમના બદઈરાદામાં ફાવી જાય તો અમારા કાયદેસરના હકકો નષ્ટ થાય અને પ્રા.વાદીઓને નવીન ગૈરકાયદેસર હકકો પ્રાપ્ત થઈ જાય.અને આજીવીકાનું અમો વાદીઓનું સાધન છીનવાઈ જાય તેમ છે.વાદીઓ કાયદેસર વર્તવાવાળા અને એકલવાયા છીએ.તેથી પ્રા.વાદીઓ બોલ્યુ પાળે તેવા હોઈ તેઓને આવા અપકૃત્ય કરતા રોકવા તેઓ વિરૂધ્ધ જાથુનો મનાઈ હુકમ વિગેરે દાદ મેળવવા આ દાવો કરવાની જરૂર પડી છે.

**<u>વાદીના દાવાનુ કારણ :–</u>**

**(૧.૪)** દાવા અરજીના પેરા ન.૪ મા દાવાના કારણમાં જણાવેલ છે કે, પ્રા.વાદીઓ છેલ્લા પાંચેક દિવસથી દાવાવાળી દુકાનોનો કબજો પડાવી લેવા સતત પ્રયત્નો કરવા માંડયા અને તે માટે અમો તૈયાર ના થતાં તેઓએ વાદીઓની ભાડા કબજાવાળી દુકાનોનો કબજો પડાવી લેવાની ધમકીઓ આપી ત્યારથી તેમજ તા. ૨૬/૦૬/૨૦૧૨ નારોજ પ્રા.વાદીઓએ તેઓના વકીલ મારફતે વાદીઓના ભાડા કબજાવાળી દુકાનનો કબજો સુપરત કરી દેવા રજી.નોટીસ આપી ત્યારથી આપ ના.કોર્ટની હકુમતના ગામ ડાકોરમાં આ દાવાનું કારણ ઉત્પન્ન થયુ છે.

**<u>વાદીએ દાવાઅરજીમા માંગેલ દાદ :–</u>**

**(૧.૫)** સદર દાવા અરજીના પેરા નં.૯ માં દાદ માંગેલ છે કે,

(અ) આ કામના પ્રા.વાદીઓને દાવા અરજીના પેરા–૧(અ) તથા પેરા–૧(બ) માં જણાવ્યા મુજબની દાવાવાળી અમો જે તે વાદીઓના પ્રત્યક્ષ કબજા ભોગવટાવાળી જે તે દાવાવાળી મિલકતનો ગેરકાયદેસર કબજો છીનવી લેવાનો કે સદરહુ જે તે મિલકતમાં અમોને ધંધો–વેપાર

કરતા હેલો, હરકત,અંતરાય કરવાનો કે દાવાવાળી મિલકતમાં ચાલતો વીજ પુરવઠો અટકાવવાનો હકક કે અધિકાર નથી તેમ ઠરાવો.

પ્રા.વાદીઓ કે તેમના એજન્ટસ,એસાઈનીઝ કે મળતીયાઓ દાવા અરજીના પેરા–૧(અ) તથા ૧(બ) માં વર્ણવ્યા મુજબની અમો  જે તે વાદીઓના પ્રત્યક્ષ કબજા ભોગવટાની જે તે દાવાવાળી મિલકતનો જે તે વાદીઓ પાસેથી ગેરકાયદેસર કબજો લે–લેવડાવે નહિ કે સદરહુ જે તે દાવાવાળી મિલકતમાં અમો વાદીઓને ધંધો–વેપાર કરતા હેલો, હરકત કે અંતરાય, અટકાવ કરે કરાવે નહી કે દાવાવાળી મિલકતમાં ચાલતો વીજળી પુરવઠામાં કોઈપણ રીતે અટકાવ, અંતરાય કરે કરાવે નહી તેવો જાથુનો મનાઈ હુકમ પ્રા.વાદીઓને ફરમાવવા,

(બ) આપ નામ.કોર્ટને યોગ્ય અને વાજબી લાગે તેવી બીજી વધારાની દાદ અપાવવા તથા આ દાવાનું તમામ ખર્ચ આ કામના પ્રા.વાદીઓ પાસેથી વસુલ અપાવવા અરજ કરેલ છે.

**<u>દાવા અરજીનો પ્રતિવાદીઓ તરફે લેખીત જવાબ :–</u>**

(૨) આ કામે પ્રતિવાદીઓને ધોરણસર સમન્સ નોટીસ બજી જતા તેમના વકીલશ્રી મારફત હાજર થયેલ છે તેમજ આંક–૧૩ થી દાવા અરજી તથા મનાઈ અરજીનો સંયુકત જવાબ રજુ રાખેલ છે. જેમાં દાવા અરજીની હકીકતોનો ઈંકાર કરેલ છે તેમજ ખરી હકીકતમાં જણાવેલ છે કે, પ્રા. વાદીઓની માલીકી કબજા ભોગવટાની મિલકત ડાકોર નગર પાલિકા નં.૬૨૭૭,૬૨૭૭/૪ અને ૬૨૭૭/૩ ની આવેલી છે. ૬૨૭૭ વાળી મિલકતમાં પ્રા.વાદીઓ કુટુંબ સાથે તેમાં વસવાટ કરીએ છીએ.આ કામના પ્રા.વાદી નં.૧ ને ૬૨૭૭/૪ વાળી મિલકત કે જે ભોંય તળીયાવાળો ભાગ છે તે અને પ્રા.વાદી નં.ર ને ૬૨૭૭/૩ વાળી મિલકત કે જે ભોય તળીયાવાળો ભાગ છે તે માસિક મરજીયાત ભાડે આપેલ. આ કામના વાદી નં.૧ નાએ ડાકોર નગર પાલિકા નં.૬૨૭૭/૪ વાળી ભાડે રાખી ત્યારે રહેઠાણના ઉદેશીને રાખેલ એન વાદી નં.૧ તેનો ઉપયોગ રહેઠાણ તરીકે કરતા હતા. ત્યારબાદ વાદી નં.૧નાએ તેમને રહેઠાણ માટે મિલકત ખરીદ કરેલ અને ત્યાં કુટું બ સાથે રહેવા માટે ગયેલા અને વાદી નં.૧ ના એ દાવાવાળી બંધ રાખતા અને ત્યારબાદ તેમાં બું ટ– ચંપલ વેચવાનો ધંધો ચાલુ કરેલો જે અંગે પ્રા.વાદીએ વિરોધ કરેલો પણ વાદી નં.૧ નાએ તે વાત ગણકારેલી નહી. અને સામે વાદી નં.૧ નાએ અમો પ્રા.વાદીએ દાવાવાળી મિલકત

જે હેતુ માટે ભાડે આપેલ તેનો હેતુફેર કરેલ છે.અને તે અંગે અમો પ્રા.વાદી વાદી નં .૧ સામે કાયદેસરની કાર્યવાહી પણ કરવાના છે તે જાહેર કરીએ છીએ.

**(૨.૧)** દાવાવાળી મિલકત ૬૧૭૭/૪ અને ૬૨૭૭/૩ ને અડીને તેમજ તેની ઉપરનો માળ તે મિલકત નં.૬૨૭૭ પ્રા.વાદીઓની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાવાળો ભાગ છે. દાવાવાળી મિલકત તથા પ્રા.વાદીઓની કબજાવાળો ભાગ મિલકત નં.૬૨૭૭ ૧૫૦ વર્ષ ઉપરાંતની જુની મિલકત છે. આ મિલકતનું બાંધકામ માટી–ઈંટનું છે.તેમજ દાવાવાળી મિલકત તથા પ્રા.વાદીના કબજા ભાગવાળી મિલકતને દિવાલોમાં તીરાડ પડેલ છે. પૂર્વાતિ દિવાલ ત્રાંસી થઈ ગઈ છે. મિલકતો ઘણા વર્ષો જુની હોઈ ઘણી જ જીર્ણ થઈ ગયેલ છે. તેમજ મિલકત રાજમાર્ગ ઉપર આવેલ છે. રાજમાર્ગ ઉપરથી એસ.ટી તથા ભારે વાહનની અવર–જવર હોઈ વાહનની અવર–જવર થતા મિલકત ધ્રુજી ઉઠે છે અને તેથી પ્રા.વાદીઓને જાન–માલનું નુકશાન થાય તેમ છે. મિલકત રાજમાર્ગ ઉપર આવેલ હોઈ મિલકત પડી જાય તો રાહદારીઓને પણ નુકશાન થાય તેમ છે. અને તેથી આ મિલકત બાબતે ડાકોર નગરપાલિકામાં અરજીઓ પણ થયેલ છે. અને તેથી પ્રા. વાદીઓએ ડા.ન.પા.૬૨૭૭ વાળી મિલકતને અડીને તેમજ તેની નીચે ડા.ન.પા.૬૨૭૭/૨ અને ૬૨૭૭/૩ વાદી નં.૧–૨ ના ભાગવાળી મિલકત છે.અને પ્રા.વાદી ડા.ન.પા.નં.૬૨૭૭ વાળી મિલકત ઉતારતા વાદી નં.૧–૨ ના ભાડૂઆત કબજાવાળા ભાગમાં વાદીઓના માલ – સામાન ને નુકશાન થાય તેવી દહેશત હોઈ પ્રા.વાદીઓએ તા.૨૬/૦૬/૧૨ નારોજ વકીલ મારફતે રજી.પો.એડી.થી વાદી નં.૧–૨ને નોટીસ આપીને તાકીદ કરેલ અને જણાવેલ કે, તમો નં .૧–૨ નાઓએ તમો નં.૨નો ભાડૂઆત કબજાવાળો ભાગ ૬૨૭૭/૩ માંથી તમારી જંગમ મિલકતો ખાલી કરી અને સંપુર્ણ ખાલી રાખવી.નહિ તો અમારો માલીકી કબજાવાળો ભાગ ઉતારતા તમો નં .૧,૨ ની ભાડુત કબજાવાળી ડા.નં.પાનં.૬૨૭૭/૪ અને ૬૨૭૭/૩ વાળી મિલકતમાં જાન–માલને કોઈ નુકશાન થશે તો અમારી કોઈપણ પ્રકારની કાયદેસરની જવાબદારી રહેશે નહી. જે નોટીસથી જાણ કરીએ છીએ.ઉપર જણાવ્યા મુજબની નોટીસ આપેથી અમો પ્રા.વાદીએ તેમનો કબજો લઈ લેવા માટે કોઈ નોટીસ આપેલ નથી. અમો પ્રા.વાદીઓએ શુધ્ધ–બુધ્ધિપુર્વક પ્ર ા.વાદીઓને આ અંગે જાણ કરી.જેથી વાદીઓને કોઈ નુકશાન ન થાય.તેમ છતાં પ્રા.વાદીઓની

શુધ્ધિ–બુધ્ધિપુર્વકની નોટીસનો ખોટો અર્થ કરી અમારી સામે મજકુર મનાઈ હુકમ માંગતો દાવો કરી પ્રા.વાદીઓને ખોટા ખર્ચમાં ઉતારવાના પ્રયત્નો કરેલ છે. જે વાદીઓએ ખોટી રીતે હેરાન કરવા બદદાનતથી કરેલ છે.

(૨.૨) અમો પ્રા.વાદીઓ અમારા કબજા ભોગવટાવાળો ભાગ કે જે ખુબજ જીર્ણ અને ખરાબ હાલતમાં છે અને તેમાં રહેવું પ્રતિવાદીઓના કુટુંબ માટે જાનનું જોખમ તથા માલ –સામાન ને નુકશાનકારક છે. અને ગમે ત્યારે મિલકત તુટી પડે તેમ છે. જોખમકારક ભાગ છે તે ઉતારવાના છે. અમો પ્રા.વાદીઓ વાદીઓના કબજાવાળા ભાગને નુકશાન કરવા માંગતા નથી. પરંતુ પ્રા. વાદીની મિલકત ઉતારતા દાવાવાળી મિલકતને કોઈ અસર થાય અને તેથી વાદીઓની જંગમ મિલકતને નુકશાન ન થાય તેવો શુભ આશય અમો પ્રા.વાદીઓએ રાખેલ છે. અને તેથી પ્રા. વાદીઓની પવિત્ર ફરજ સમજી વાદીઓને તે અંગે વાકેફ કરેલ અને તે અંગેની નોટીસ મોકલી આપેલી. આ પ્રા.વાદીઓનું શુધ્ધ–બુધ્ધિ પુર્વકનું કાર્ય છે. પ્રા.વાદીઓ અમારા કબજા ભાગવાળી જોખમી મિલકતને ન ઉતારીએ તો ભવિષ્યમાં પ્રા.વાદીઓનું તથા કુટુંબને જાન–માલનું ભયંકર નુકશાન થાય તેમ છે. તેમજ દાવાવાળી મિલકત તથા પ્રા.વાદીઓની મિલકત જાહેર રાજમાર્ગ ઉપર આવેલી છે. અને જો મિલકત જોખમી હોઈ પડી જાય તો મોટી હોનારત થાય તેમ છે. અને પ્રા. વાદીઓને પૈસાથી પણ બદલો ન વળે તેવું ભયંકર નુકશાન થાય તેમ છે. કેસની સમતુલા પ્રા. વાદીઓ તરફે છે.પ્રા.વાદીઓને પ્રાથમિક કેસ છે.વાદીઓને આ દાવો કરવા અંગેનુ કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી તેમ છતાં પ્રા.વાદીઓ ઉપર આ ખોટું પ્રોસેસીંગ ઉભુ કરી પ્રા.વાદીઓને ખોટા ખર્ચમાં ઉતારેલ હોઈ વાદીઓ પાસેથી તો વળતર અપાવવા અરજ છે. વાદીઓએ જે દાવા તથા કામચલાઉ મનાઈ અરજીમાં માંગ્યા મુજબની દાદ મળવાપાત્ર ન હોઈ વાદીઓનો દાવો તથા કામચલાઉ મનાઈ અરજી ખર્ચ સાથે રદ કરવા પ્રા.વાદીઓની ના.સાહેબને નમ્ર અરજ છે.

(૩) આ કામે વાદી તરફે નીચે મુજબનો મૌખિક તેમજ લેખિત પુરાવો રજુ થયેલ છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| 1 | 65 | વાદી ભરતભાઈ દલસુખભાઈ મોચીનુ પુરાવાનું સોગંદનામુ |

| | | |
|---|---|---|
| 2 | 108 | વાદી ન.ર વાળંદ વિનુભાઈ અંબાલાલનું પુરાવાનુ સોગંદનામુ |

## દસ્તાવેજી પુરાવો.

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| 1 | 67 | ડાકોર નગર પાલિકા મિ.નં.૩૬૬૩ની સને.૧૯૮૭ થી ૧૯૯૦ સુધીની આકારણી પત્રકની ખરી નકલ |
| 2 | 68 | ડાકોર નગર પાલિકા મિ.નં.૩૬૬૩ની સને.૧૯૯૦ થી ૧૯૯૪ સુધીની આકારણી પત્રકની ખરી નકલ |
| 3 | 69 | ડાકોર નગર પાલિકા મિ.નં.૩૬૬૩ની સને.૧૯૯૪ થી ૧૯૯૮ સુધીની આકારણી પત્રકની ખરી નકલ |
| 4 | 70 | ડાકોર નગર પાલિકા મિ.નં.૩૬૬૩ની સને.૧૯૯૮ થી ૨૦૦૦ સુધીની આકારણી પત્રકની ખરી નકલ |
| 5 | 71 | ડાકોર નગર પાલિકા મિ.નં.૬૨૭૭/જની સને.૨૦૦૧ થી ૨૦૦૫ સુધીની આકારણી પત્રકની ખરી નકલ |
| 6 | 72 | ડાકોર નગર પાલિકા મિ.નં.૬૨૭૭/જની સને.૨૦૦૫ થી ૨૦૦૯ સુધીની આકારણી પત્રકની ખરી નકલ |
| 7 | 73 | ડાકોર નગર પાલિકા મિ.નં.૬૨૭૭/જની સને.૨૦૧૧–૧૨ સુધીની આકારણી પત્રકની ખરી નકલ |
| 8 | 74 | ડાકોર નગર પાલિકા મિ.નં.૬૨૭૭/જની સને.૨૦૧૨–૧૩ સુધીની આકારણી પત્રકની ખરી નકલ |
| 9 | 75 | ડાકોર નગર પાલિકા મિ.નં.૬૨૭૭/જની સને.૨૦૧૭–૧૮ સુધીની આકારણી પત્રકની ખરી નકલ |
| 10 | 76 | ડાકોર નગર પાલિકા મિ.નં.૬૨૭૭/જની સને.૨૦૧૮–૧૯ સુધીની આકારણી પત્રકની ખરી નકલ |
| 11 | 77 | ડાકોર નગર પાલિકા મિ.નં.૧૫/૧૬૨૭૭/જની સને.૨૦૨૨–૨૩ સુધીની આકારણી પત્રકની ખરી નકલ |
| 12 | 78 | વાદી નં.(૧) નાએ તા.૦૧/૦૭/૧૩ થી તા.૩૧/૧૨/૧૩ સુધીના ૬ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 13 | 79 | વાદી નં.(૧) નાએ તા.૦૧/૦૧/૧૪ થી તા.૩૦/૦૬/૧૪ સુધી ના ૬ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 14 | 80 | વાદી નં.(૧) નાએ તા.૦૧/૦૭/૧૪ થી તા.૩૧/૧૨/૧૪ સુધી ના ૬ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 15 | 81 | વાદી નં.(૧) નાએ તા.૦૧/૦૧/૧૫ થી તા.૩૦/૦૬/૧૫ સુધી ના ૬ |

| | | |
|---|---|---|
| | | માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 16 | 82 | વાદી નં.(૧) નાએ તા.૦૧/૦૭/૧૫ થી તા.૩૧/૧૨/૧૫ સુધી ના ૬ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 17 | 83 | વાદી નં.(૧) નાએ તા.૦૧/૦૧/૧૬ થી તા.૩૦/૦૬/૧૬ સુધી ના ૬ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 18 | 84 | વાદી નં.(૧) નાએ તા.૦૧/૦૭/૧૬ થી તા.૩૧/૧૨/૧૬ સુધી ના ૬ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 19 | 85 | વાદી નં.(૧) નાએ તા.૦૧/૦૧/૧૭ થી તા.૩૦/૦૬/૧૭ સુધી ના ૬ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 20 | 86 | વાદી નં.(૧) નાએ તા.૦૧/૦૭/૧૭ થી તા.૩૧/૧૨/૧૭ સુધી ના ૬ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 21 | 87 | વાદી નં.(૧) નાએ તા.૦૧/૦૧/૧૮ થી તા.૩૦/૦૬/૧૮ સુધી ના ૬ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી અસલ, |
| 22 | 88 | વાદી નં.(૧) નાએ તા.૦૧/૦૭/૧૮ થી તા.૩૧/૧૨/૧૮ સુધી ના ૬ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 23 | 89 | વાદી નં.(૧) નાએ તા.૦૧/૦૧/૧૯ થી તા.૩૧/૦૮/૧૯ સુધી ના ૮ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 24 | 90 | વાદી નં.(૧) નાએ તા.૦૧/૦૯/૧૯ થી તા.૩૧/૦૮/૨૦ સુધી ના ૧૨ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 25 | 91 | વાદી નં.(૧) નાએ તા.૦૧/૦૯/૨૦ થી તા.૩૧/૦૮/૨૧ સુધી ના ૧૨ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 26 | 92 | વાદી નં.(૧) નાએ તા.૦૧/૦૯/૨૧ થી તા.૩૦/૦૫/૨૨ સુધી ના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 27 | 93 | વાદી નં.(૧) ના ભાડા કબજાવાળી ડા.ન.પા.મિ.નં.૧૫/૧૬૨૭૭/૪ ના નગર પાલિકા ટેક્ષ ભર્યાની પાવતી |
| 28 | 94 | વાદી નં.(૧) ના ભાડા કબજાવાળી દુકાનના એમ.જી.વી.સી.એલ.નું માહે. ઓકટોબર–નવેમ્બર ૨૦૨૨ નું ગ્રાહક નં.૦૪૮૦૧/૦૬૭૯૮/૦ નું વીજ વપરાશનું બીલ |
| 29 | 95 | વાદી નં.(૧) ના ભાડા કબજાવાળી દુકાનના એમ.જી.વી.સી.એલ.નું માહે. ઓકટોબર–નવેમ્બર ૨૦૨૨ નું ગ્રાહક નં.૦૪૮૦૧/૦૬૭૯૭ ૬૨ નું વીજ વપરાશનું બીલ ભરીયાની પાવતી |
| 30 | 110 | ડાકોર નગર પાલિકા મિ.નં.૬૨૭૭/૩ ની સને.૨૦૦૨ થી ૨૦૦૭ સુધીની |

| | | |
|---|---|---|
| | | આકારણી પત્રકની ખરી નકલ |
| 31 | 111 | ડાકોર નગર પાલિકા મિ.નં.૬૨૭૭/૩ ની સને.૨૦૦૫ થી ૨૦૦૯ સુધીની આકારણી પત્રકની ખરી નકલ |
| 32 | 112 | ડાકોર નગર પાલિકા મિ.નં.૬૨૭૭/૩ ની સને.૨૦૧૧-૧૨ સુધીની આકારણી પત્રકની ખરી નકલ |
| 33 | 113 | ડાકોર નગર પાલિકા મિ.નં.૬૨૭૭/૨ ની સને.૨૦૧૨-૧૩ સુધીની આકારણી પત્રકની ખરી નકલ, |
| 34 | 114 | ડાકોર નગર પાલિકા મિ.નં.૬૨૭૭/૨ ની સને.૨૦૧૭-૧૮ સુધીની આકારણી પત્રકની ખરી નકલ |
| 35 | 115 | ડાકોર નગર પાલિકા મિ.નં.૬૨૭૭/૨ ની સને.૨૦૧૮-૧૯ સુધીની આકારણી પત્રકની ખરી નકલ |
| 36 | 116 | ડાકોર નગર પાલિકા મિ.નં.૧૫/૧૬૨૭૭/૨ની સને.૨૦૨૨-૨૩ સુધીની આકારણી પત્રકની ખરી નકલ |
| 37 | 117 | વાદી નં.(૨) નાએ ૬ માસના ભાડાના કો.મુ.ન.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 38 | 118 | વાદી નં.(૨) નાએ તા.૦૧/૦૧/૧૩ થી તા.૩૦/૦૬/૧૩ સુધી ના ૬ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 39 | 119 | વાદી નં.(૨) નાએ તા.૦૧/૦૭/૧૩ થી તા.૩૧/૧૨/૧૩ સુધી ના ૬ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 40 | 120 | વાદી નં.(૨) નાએ તા.૦૧/૦૧/૧૪ થી તા.૩૦/૦૬/૧૪ સુધી ના ૬ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 41 | 121 | વાદી નં.(૨) નાએ તા.૦૧/૦૭/૧૪ થી તા.૩૧/૧૨/૧૪ સુધી ના ૬ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 42 | 122 | વાદી નં.(૨) નાએ તા.૦૧/૦૧/૧૫ થી તા.૩૦/૦૬/૧૫ સુધી ના ૬ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 43 | 123 | વાદી નં.(૨) નાએ તા.૦૧/૦૭/૧૫ થી તા.૩૧/૧૨/૧૫ સુધી ના ૬ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 44 | 124 | વાદી નં.(૨) નાએ તા.૦૧/૦૧/૧૬ થી તા.૩૦/૦૬/૧૬ સુધી ના ૬ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 45 | 125 | વાદી નં.(૨) નાએ તા.૦૧/૦૭/૧૬ થી તા.૩૧/૧૨/૧૬ સુધી ના ૬ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 46 | 126 | વાદી નં.(૨) નાએ તા.૦૧/૦૧/૧૭ થી તા.૩૦/૦૬/૧૭ સુધી ના ૬ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |

| | | |
|---|---|---|
| 47 | 127 | વાદી નં.(૨) નાએ તા.૦૧/૦૭/૧૭ થી તા.૩૧/૧૨/૧૭ સુધી ના ૬ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 48 | 128 | વાદી નં.(૨) નાએ તા.૦૧/૦૧/૧૮ થી તા.૩૦/૦૬/૧૮ સુધી ના ૬ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 49 | 129 | વાદી નં.(૨) નાએ તા.૦૧/૦૭/૧૮ થી તા.૩૧/૧૨/૧૮ સુધી ના ૬ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 50 | 130 | વાદી નં.(૨) નાએ તા.૦૧/૦૧/૧૯ થી તા.૩૧/૦૮/૧૯ સુધી ના ૮ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 51 | 131 | વાદી નં.(૨) નાએ તા.૦૧/૦૯/૧૯ થી તા.૩૧/૦૮/૨૦ સુધી ના ૧૨ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 52 | 132 | વાદી નં.(૨) નાએ તા.૦૧/૦૯/૨૦ થી તા.૩૧/૦૮/૨૧ સુધી ના ૧૨ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 53 | 133 | વાદી નં.(૨) નાએ તા.૦૧/૦૯/૨૧ થી તા.૩૦/૦૫/૨૨ સુધી ના ૯ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 54 | 134 | વાદી નં.(૨) નાએ તા.૦૧/૦૬/૨૨ થી તા.૩૧/૦૩/૨૩ સુધી ના ૯ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 55 | 135 | વાદી નં.(૧) નાએ તા.૦૧/૦૬/૨૨ થી તા.૩૧/૦૩/૨૩ સુધી ના ૯ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 56 | 136 | વાદી નં.(૨) નાએ તા.૦૧/૦૪/૨૩ થી તા.૩૧/૧૨/૨૩ સુધી ના ૯ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 57 | 137 | વાદી નં.(૧) નાએ તા.૦૧/૦૪/૨૩ થી તા.૩૧/૧૨/૨૩ સુધી ના ૯ માસના ભાડાના કો.મુ.નં.૨૯/૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી |
| 58 | 138 | વાદી નં.(૨) ના ભાડા કબજાવાળી દુકાનના એમ.જી.વી.સી.એલ.નું માહે. ઓકટોબર–નવેમ્બર ૨૦૨૨ નું ગ્રાહક નં.૦૪૮૦૧/૦૫૩૫૫/૬ નું વીજ વપરાશનું બીલ અસલ,તા.૨૯/૧૧/૨૨ |

આ કામે વાદી ભરતભાઈ દલસુખભાઈ મોચી નાઓનુ આંક–૬૫ થી પુરાવાનુ સોગંદનામુ તા. ૧૭/૦૨/૨૦૨૩ ના રોજ રજુ કરવામા આવેલ તેમજ પુરતી તકો આપવા છતા ઉલટ તપાસ કરવામા આવેલ નથી. જેથી તા.૧૦/૦૮/૨૦૨૩ ના રોજ આંક–૯૯ ની અરજી લગત હુકમ કરી પ્રતિવાદીનો વાદીની ઉલટ તપાસ કરવાનો હક બંદ કરવામા આવેલ છે. તેમજ વાદી ન. ૨ વાળંદ વિનુભાઈ અંબાલાલ નાઓનુ આંક–૧૦૮ થી પુરાવાનુ સોગં

દનામુ તા. ૦૬/૦૧/૨૦૨૪ ના રોજ રજુ કરવામા આવેલ તેમજ ઉલટ તપાસ કરવામા આવેલ નથી. જેથી તા.૧૮/૦૧/૨૦૨૪ ના રોજ આંક–૧૪૦ ની અરજી લગત હુકમ કરી પ્રતિવાદીનો વાદી ન.ર ની ઉલટ તપાસ કરવાનો હક બંદ કરવામા આવેલ છે. તેમજ હાલનો દાવો ૧૩ વરસ જુનો હોય જેથી તા.૦૧/૦૨/૨૦૨૪ ના રોજ આંક–૧ લગત હુકમ કરી પ્રતિવાદીઓનો પુરાવો રજુ કરવાનો હક બંદ કરવામા આવેલ છે. જેથી આ કામે વાદીની તથા વાદી ન. ૨ ની પ્રતિવાદી તરફે ઉલટ તપાસ કરવામા આવેલ નથી તેમજ કોઈ પુરાવો પણ રજુ કરવામા આવેલ નથી. વાદી તરફે આંક–૧૪૧ થી પુરાવા બંદની પુરશીસ આપવામા આવેલ છે.

(૪) વાદી તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલ સાંભળવામાં આવેલ તેઓએ દલીલ કરેલ છે કે, સમગ્ર પડેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન કરતાં વાદીએ દાવા અરજીની હકીકતો પુરવાર કરેલ છે. તેમજ આ કામે પ્રતિવાદીઓ તરફે વાદી તથા વાદી ન. ૨ ની ઉલટ તપાસ પણ કરવામા આવેલ નથી તેમજ પ્રતિવાદીઓ તરફે કોઈ પુરાવો પણ રજુ કરવામા આવેલ નથી. જેથી વાદીનો દાવો મંજુર કરવા દલીલ કરેલ છે. પ્રતિવાદીઓ તરફે કોઈ દલીલ કરવામા આવેલ નથી.

(૫) આ કામે આ દાવાના નિર્ણય સારુ **આંક–૨૭** થી નીચે મુજબના મુદ્દાઓ ફ્રેમ કરવામાં આવેલ છે.

**-: મુ દ્દા ઓ :-**

| | |
|---|---|
| 1 | શું વાદી પુરવાર કરે છે કે, વાદીનો દાવાવાળી મિલકતનો પ્રત્યક્ષ કબજો ભોગવટોમાં આવેલ છે. ? |
| 2 | શું પ્ર.વાદી પુરવાર કરે છે કે,વાદીની જંગમ મિલકતને નુકશાન ન થાય તે હેતુસર કાયદેસરની નોટીસ આપેલી છે ? |
| 3 | શું વાદીનો દાવો કાયદેસર ટકી શકે તેમ છે ? |
| 4 | શું વાદી માંગ્યા મુજબની દાદ માંગવા હકકદાર છે ? |
| 5 | શું હુકમ અને શું હુકમનામું ? |

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણય કારણો સહિત નીચે મુજબ છે.

(૧) હકારમાં,

(૨) નકારમાં,

(૩) હકારમાં,

(૪) હકારમાં,

(૫) આખરી હુકમ મુજબ.

**-: કા ર ણો :-**

**(૭)** ભારતીય પુરાવા અધિનિયમ-૧૮૭૨ની કલમ-૧૦૧ થી ૧૦૩ (ભારતીય સાક્ષ્ય અધિનિયમ ૨૦૨૩ કલમ-૧૦૪ થી ૧૦૬ ) ધ્યાને લેતા, કોઈપણ વ્યકિત પોતાની તરફેણમાં ચુકાદો મેળવવા માંગતો હોય તો, તેણે પોતે લાવેલ દાવા અરજી સાબિત કરવાની શરૂઆતની જવાબદારી તેની પોતાની છે અને આવો બોજો તેના ઉપર જ રહેલો હોય, તે તેણે તેની તરફેણમાં સાબિત કરવો પડે છે અને આવો બોજો તેના પરથી ખસતો નથી.

**Section-101 Evidence Act:-**Whoever desires any Court to give judgment as to any legal right or liability dependent on the existence of facts which he asserts, must prove that those facts exist. When a person is bound to prove the existence of any fact, it is said that the burden of proof lies on that person.

**મુદા ન. ૧ ની ચર્ચા :-**

(૮) આ કામે વાદીએ પ્રતિવાદીઓ સામે ડેકલેરેશન તથા મનાઈ હુકમનો દાવો કરેલ છે તેમજ આ કામે વાદી ભરતભાઈ દલસુખભાઈ મોચી નાઓનુ આંક-૬૫ થી પુરાવાનુ સોગંદનામુ રજુ કરવામા આવેલ તેમજ દાવા અરજીની હકીકતોને સમર્થન આપેલ છે તેમજ આંક-૬૭ થી આંક-૯૫ સુધીના દસ્તાવેજી પુરાવાઓ ઉપર આધાર રાખવામાં આવેલ છે. તેમજ આ કામે પ્રતિવાદીને ન્યાયના હીતમા પુરતી તકો આપવા છતા ઉલટ તપાસ કરવામા આવેલ નથી. જેથી તા.૧૦/૦૮/૨૦૨૩ ના રોજ આંક-૯૯ ની અરજી લગત હુકમ કરી પ્રતિવાદીનો વાદીની ઉલટ તપાસ કરવાનો હક બંદ કરવામા આવેલ છે. તેમજ વાદી ન. ૨

વાળંદ વિનુભાઈ અંબાલાલ નાઓનુ આંક–૧૦૮ થી પુરાવાનુ સોગંદનામુ રજુ કરવામા આવેલ તેમજ તેઓએ દાવા અરજીની હકીકતોને સમર્થન આપેલ છે તેમજ આંક–૧૧૦ થી આંક–૧૩૮ સુધીના દસ્તાવેજી પુરાવાઓ ઉપર આધાર રાખવામાં આવેલ છે. તેમજ આ કામે પ્રતિવાદીને ન્યાયના હીતમા પુરતી તકો આપવા છતા ઉલટ તપાસ કરવામા આવેલ નથી. જેથી તા.૧૮/૦૧/૨૦૨૪ ના રોજ આંક–૧૪૦ ની અરજી લગત હુકમ કરી પ્રતિવાદીનો વાદી ન.૨ ની ઉલટ તપાસ કરવાનો હક બંદ કરવામા આવેલ છે. આ કામે વાદી તર્ફે રજુ આંક–૬૭ થી આંક–૭૭ સુધી આકારણી પત્રકોની ખરી નકલો ધ્યાને લેતાં ભોગવટો કરનારના( કબજેદારના નામ)કોલમમાં દલસુખભાઈ પિતાંબર તેમજ આંક–૯૩ થી રજુ નગર પાલિકા ટેક્ષ ભરીયાની પાવતીમાં પણ ભોગવટો કરનારના તરીકે દલસુખભાઈ પિતાંબર મોચીનું નામ દર્શાવવામાં આવેલ છે.તેમજ આંક–૭૮ થી આંક–૯૨ સુધીની જુદી જુદી કો.મુ.નં.૨૯/૨૦૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી રજુ કરવામાં આવેલ છે.જે વંચાણે લેતાં પ્રથમ દ્રષ્ટિએ એવુ જણાય આવે છે કે, આ કામના વાદીએ દાવા દરમ્યાન પણ ભાડુ ભરતા આવેલ છે.તેમજ આંક–૧૧૦ આંક–૧૧૬ સુધીની આકારણી પત્રકોની ખરી નકલો ધ્યાને લેતાં ભોગવટો કરનાર નામના કોલમમાં વિનુભાઈ અંબાલાલ વાળંદનું નામ દર્શાવવામાં આવેલ છે.તેમજ આંક–૧૧૭ થી આંક–૧૩૭ સુધીની જુદી જુદી કો.મુ.નં.૨૯/૨૦૧૨ ના કામે ભાડુ જમા કરાવ્યાની પાવતી રજુ કરવામાં આવેલ છે.જે વંચાણે લેતાં પ્રથમ દ્રષ્ટિએ એવુ જણાય આવે છે કે, આ કામના વાદીએ દાવા દરમ્યાન પણ ભાડુ ભરતા આવેલ છે.તેમજ આ કામે પ્રતિવાદીઓએ આંક–૧૩ થી દાવા તથા મનાઈ અરજીનો સંયુકત લેખિત જવાબ રજુ કરેલ છે.જેમાં પેરા નં.૯ માં ખરી હકીકતોમાં જણાવેલ છે કે, '' <u>આ કામના વાદી નં.૧ નાએ ડાકોર નગર પાલિકા નં.૬૨૭૭/૪ વાળી ભાડે રાખી ત્યારે રહેઠાણના ઉદેશીને રાખેલ અને વાદી નં.૧ તેનો ઉપયોગ રહેઠાણ તરીકે કરતા હતા. ત્યારબાદ વાદી નં.૧નાએ તેમને રહેઠાણ માટે મિલકત ખરીદ કરેલ અને ત્યાં કુટુંબ સાથે રહેવા માટે ગયેલા અને વાદી નં.૧ ના એ દાવાવાળી બંધ રાખતા અને ત્યારબાદ તેમાં બુંટ– ચંપલ વેચવાનો ધંધો ચાલુ કરેલો જે અંગે પ્રા.વાદીએ વિરોધ કરેલો પણ વાદી</u>

<u>નં.૧ નાએ તે વાત ગણકારેલી નહી. અને સામે વાદી નં.૧ નાએ અમો પ્રા. વાદીએ દાવાવાળી મિલકત જે હેતુ માટે ભાડે આપેલ તેનો હેતુફેર કરેલ છે</u>.'' જેથી આ કામના પ્રતિવાદીઓ તર્ફે લેખિત જવાબમાં વાદીને દાવાવાળી મિલકત ભાડે આપેલ તે હકીકત સ્વીકાર કરેલ છે.જયારે ભાડાના હેતુફેર કરેલ હોય તે દર્શાવવાતો કોઈ પુરાવો પ્રતિવાદીએ રજુ કરેલ નથી.તેમજ આ કામે પ્રતિવાદી તર્ફે વાદી તથા વાદી ન. ૧ ની ઉલટ તપાસ કરવામાં આવેલ નથી.તેમજ ઉપરોકત હકીકતોનું ખંડન કરવા માટે પ્રતિવાદી તર્ફે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. જેથી સમગ્ર પડેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરતા મુદા નં.૧ નો જવાબ હકારમા આપવામા આવે છે.

**<u>મુદદા નં.ર ની ચર્ચા</u> :–**

(૯) આ કામે પ્રતિવાદીઓ આંક–૧૩ થી દાવા અરજી તથા મનાઈ અરજીનો સંયુકત લેખિત જવાબ રજુ કરી દાવા અરજીની હકીકતોનો ઈન્કાર કરેલ છે તેમજ ખરી હકીકતોમાં જણાવેલ છે કે, ''અમો પ્રા.વાદીઓ અમારા કબજા ભોગવટાવાળો ભાગ કે જે ખુબજ જીર્ણ અને ખરાબ હાલતમાં છે અને તેમાં રહેવું પ્રતિવાદીઓના કુટુંબ માટે જાનનું જોખમ તથા માલ –સામાન ને નુકશાનકારક છે. અને ગમે ત્યારે મિલકત તુટી પડે તેમ છે. જોખમકારક ભાગ છે તે ઉતારવાના છે. અમો પ્રા.વાદીઓ વાદીઓના કબજાવાળા ભાગને નુકશાન કરવા માંગતા નથી. પરંતુ પ્રા. વાદીની મિલકત ઉતારતા દાવાવાળી મિલકતને કોઈ અસર થાય અને તેથી વાદીઓની જંગમ મિલકતને નુકશાન ન થાય તેવો શુભ આશય અમો પ્રા.વાદીઓએ રાખેલ છે. અને તેથી પ્રા. વાદીઓની પવિત્ર ફરજ સમજી વાદીઓને તે અંગે વાકેફ કરેલ અને તે અંગેની નોટીસ મોકલી આપેલી.''પરંતુ ઉપરોકત હકીકતો પુરવાર કરવા માટે પ્રતિવાદી તર્ફે કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. તેમજ કોઈ સાક્ષીને તપાસવામાં આવેલ નથી જેથી ઉપરોકત કારણોસર મુદા નં.ર નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**<u>મુદદા નં.૩ થી ૫ ની સંયુકત ચર્ચા</u> :–**

**(૧૦)** આ કામે ઉપરોકત કરેલ ચર્ચા મુજબ મુદા નં.૧નો જવાબ હકારમાં આપવામાં આવેલ છે.જેથી મુદા નં.૩ તથા ૪ નો જવાબ હકારમાં આપી આ કામના વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે જેથી મુદા નં.૫ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

(૧) વાદીનો દાવો આથી **'' અંશત મંજુર''** કરવામાં આવે છે. તેમજ આ કામના પ્રતિવાદી ઓએ દાવાવાળી મિલ્કતનો કબ્જો કાયદાની પ્રક્રિયા સિવાય લેવો નહી તેવો જાથુનો મનાઈ હુકમ ફરમાવવામા આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

(૩) હુકમ મુજબ હુકમનામુ દોરવું.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, જાહેર કર્યો.

તારીખ ૩૦/૦૩/૨૦૨૬
ડાકોર

**(નરેન્દ્ર કુમાર જોષી)**
પ્રિન્સીપાલ સિવિલ જજ,ડાકોર.
**UIC No.01454**